Letter No: WCDD/0283/04/2023 Dt: 27-04-2023

નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધિન મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત .

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: **ICD/12/2020/254704/B**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/352/2023 in SCA/5011/2022**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજનું ઓરલ જજમેન્ટ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૦/૩૩૫૯/બ૧, તા.૩૦/૧૦/૨૦૧૦

//હુકમ//

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૧ પીટીશનરને મુખ્યસેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૨) પરના વિભાગના હુકમથી નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરનું મુખ્યસેવિકાને પાત્રતાની તારીખથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજુર કરેલ છે.નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરને ચુકાદા અનુસાર પ્રથમ ઉચ્ચતર પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાનું પ્રથમ ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/- નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરને મુખ્યસેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યેથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ પગારધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦)ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે. આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના **SCA/5011/2022**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદા સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | મુળ નિમણૂકની તારીખ | LWP | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | મળવાપાત્ર પ્રથમ ઉપધોની પાત્રતા તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૮ |
| ૦૧ | સુશ્રી વર્ષાબેન પી. ત્રીવેદી | ૦૯-૧૨-૮૬ | ૧૨ | ૨૦-૧૨-૯૫ | ૨૧-૧૨-૯૫ | આમુખ-૨, ક્રમ:૩૬ |

૩/- ઉક્ત કર્મચારીનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1. પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી રૂ.૨૦૦૦-૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ પગારધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) ના પગારધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઈકોર્ટના **SCA/5011/2022**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદાની સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએનામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/352/2023 in SCA/5011/2022**ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૪/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે. આઈ. લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified

Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:06:48 +05:30

File No: ICD/12/2020/254704/B

Approved By: K K Nirala(Secretary,WCDD)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રતિ

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.સુરેંદ્રનગર.
4. મુખ્ય સરકારી વકિલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
5. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.સુરેંદ્રનગર.
6. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.સુરેંદ્રનગર.
8. સબંધિત મુખ્યસેવિકા/સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ...........)
9. શાખા સિલેકટ ફાઈલ.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:06:48 +05:30

File No: ICD/12/2020/254704/B
Approved By: K K Nirala(Secretary,WCDD)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*